ગાંધીનગર સમાચાર

સાઈ ખાતે ચાર રમતોના સર્ટિફિકેટ કોર્સનો પ્રારંભ

## @ગાંધીનગર

● ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા કેશલેસ જાગૃતિ અર્થે એક રેલીનું આયોજન મનપા કચેરીથી સવારે ૧૧ કલાકે પ્રસ્થાન થશે.

● જાગૃતિબેન ઠાકોર ૧૦૧૯/૨, સે-૩-ડી ખાતે બપોરે ૨ થી ૫ આનંદનો ગરબો યોજાશે.

● સંકલ્પ રોયલ પ્લોટ નં. ૫૮ ખાતે બપોરે ૨ થી ૫ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા દર્શનાબેન ઉપાધ્યાય બી-૩૦૧ શાયોના હાઈટસ સરગાસણ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

# વાયબ્રન્ટમાં ચાર મેડીકલ ટીમો તૈનાત રહેશે

**શહેરની હોસ્પિટલ દ્વારા મહાત્મા મંદિર ખાતે સેટેલાઈટ ડિસ્પેન્સરીમાં ૧૫ થી વધુ ડેલીગેટ્સને સ્થળ પર સારવાર આપી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરાશે**

ગાંધીનગર, તા.૧૯

અત્યારે હાલના સમયે વાયબ્રન્ટને પગલે શહેર વાયબ્રન્ટ બની રહ્યું છે. શહેરમાં મોંઘેરા મહેમાનો આવતા હોવાથી શહેરને શણાગારવામાં કોઈ કચાશ રહી ન જાય તેની ખાસ તકેદારી તંત્ર દ્વારા રાખવામાં આવી રહી છે. દરેક તંત્ર વાયબ્રન્ટની તૈયારીમાં વ્યસ્ત છે. ત્યારે ગાંધીનગર શહેરની હોસ્પિટલ દ્વારા વાયબ્રન્ટને અનુલક્ષી ચાર મેડીકલ ટીમો તૈયાર કરવામાં આવશે. ઉપરાંત મહાત્મા મંદિર ખાતે સેટેલાઈટ ડિસ્પેન્સરી ઉભી કરવામાં આવશે જેમાં મેડીકલ ઓફિસર, નર્સ સહિત જરુરી દવાઓ સહિતની વ્યવસ્થા સ્થળ પર ઉપલબ્ધ કરાશે. આમંત્રિત મહેમાનોને સ્થળ પર સારવાર આપી શકાય તે માટે સેટેલાઈટ ડિસ્પેન્સરી કાર્યરત રહેશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તંત્ર પણ વાયબ્રન્ટની તૈયારીમાં લાગી ગયું છે. આમંત્રિત મહેમાનોમાં કોઈની તબિયત અચાનક બગડી જાય તો તે માટે હોસ્પિટલ તંત્ર પુરતા પ્રમાણમાં તૈયારીઓ સાથે સજ્જ રહેશે. જેમાં હોસ્પિટલ તંત્ર દ્વારા ચાર મેડીકલ ટીમો તૈયાર કરવામાં આવશે. જયારે એક ટીમ મહાત્મા મંદિરની અંદર તેમજ બે ટીમ ગેટ પર કાર્યરત રહેશે જયારે અન્ય એક ટીમ સેકટર-૧૭ ખાતે ડોમ પર ફરજ બજાવશે. આ ટીમમાં મેડીકલ ઓફિસર, નર્સ, અન્ય સ્ટાફના માણસો સહિત જરૂરી દવાઓ સાથે સ્થળ પર ફરજ બજાવશે. હોસ્પિટલ ખાતે પણ વિશેષ વીવીઆઈપી વોર્ડ તૈયાર કરવામાં આવશે. વાયબ્રન્ટને અનુલક્ષી કોઈપણ સંસાધનની જરુરીયાત ઉભી થશે તો સોલા કે અમદાવાદ હોસ્પિટલથી મંગાવામાં આવશે. મહાત્મા મંદિર ખાતે સેટેલાઈટ ડિસ્પેન્સરી ઉભી કરાશે જેમાં સ્થળ પર જ ડેલીગેટ્સને જરૂરી સારવાર મળી રહે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા ઉભી કરવામાં આવશે. તમામ વિભાગોની સાથે હોસ્પિટલ તંત્ર પણ વાયબ્રન્ટને અનુલક્ષી ને સજજ છે. જયારે વાયબ્રન્ટ સુધી હોસ્પિટલના સ્ટાફની રજાઓ પણ રદ કરી દેવામાં આવી છે. માત્ર સ્પેશિયલ કિસ્સામાં જ અધિકારી કે કર્મચારીને રજા મળશે.

## વાતવાતમાં

● સે-૬માં સરસ્વતી સ્કુલ ખાતે કોર્પોરેટર હિરલ જોષી દ્વારા આયોજિત આધારકાર્ડ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં સવારે ૧૦ થી ૫નો સમય જાહેર કરાયો હતો. જો કે આધારકાર્ડ એજન્સીવાળાઓએ આપેલ સમય મુજબ ના આવતા છેવટે તેમને લેવા જવાની વ્યવસ્થા કરવી પડી ત્યારે માંડ ૧૧ વાગે કેમ્પ ચાલુ થઈ શકયો હતો.

● સોમવારે જિલ્લા કોંગ્રેસ સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં આગામી તા. ૨૧મીએ યોજાનાર રાહુલ ગાંધીની રેલી માટેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

● પેથાપુર રેલવે ક્રોસિંગ પાસેથી પસાર થઈ રહેલ એક બાઈક સવારની બાઈકની પાછળ લટકાવેલ થેલી સાયલેન્સરના સંપર્કમાં આવતા સળગી ઉઠી હતી. અન્ય વાહનચાલકોએ બાઈક સવારનું ધ્યાન દોરતા તુરંત જ બાઈક થોભાવી તેણે આગને હોલવવા પ્રયાસો હાથ ધર્યા હતા.

● ગાંધીનગરના સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા તા. ૧૮મી ડિસેમ્બરે પ્રવાસનું આયોજન કરાયું હતું. કુલ ૫૪ પ્રવાસીઓએ મહેમદાવાદ ગણેશ મંદિર, કાયાવરોહણ, નારેશ્વર તથા પોઈચા સ્વામિનારાયણ મંદિરના પ્રવાસની મજા માણી હતી.

## સે-૨૮ ખાતે શિવકથાનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

દેવાધિ દેવ મહાદેવજીનાં ગુણોનું ગાન કરતી શિવ મહાપુરાણ કથાનું 'સુંદરધામ પરિવાર' અને સમગ્ર સે-૨૮ રામકથા સમિતિ દ્વારા તા. ૨૧-૧૨-૨૦૧૬ બુધવારથી તારીખ ૨૭-૧૨-૨૦૧૬ મંગળવાર સુધી ૭ દિવસીય શિવકથાનું ભવ્ય આયોજન કરેલ છે. યુવા કથાકાર શ્રી ભારતીબાપુની વ્યાસ પીઠે સંગીતમય શિવકથા દરરોજ બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાકે, નવરાત્રી ચોક, અંબાજી મંદિર, શોપીંગ સેન્ટર સામે, સે-૨૮-ગાંધીનગર ખાતે યોજાશે. સર્વ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા અનુરોધ કરાયો છે.

## ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા સરકાર સમક્ષ બ્રહ્મ વિકાસ આયોગની માંગ કરાઈ

ગાંધીનગર, તા.૧૯

સમગ્ર રાજયમાં વસતા ૬૨ લાખ જેટલા ભુદેવોના આર્થિક, શૈક્ષણિક, સામાજીક અને વાસ્થ્ય સંસ્કૃતિના ઉત્કર્ષ અને માવજત માટે બ્રહ્મ સમાજ દ્વારા બ્રહ્મ વિકાસ આયોગની માંગણી રાજય સરકાર સમક્ષ કરવામાં આવી છે. જો કે રાજય સરકાર દ્વારા અન્ય સમાજને આયોગો અને બોર્ડ કોર્પોરેશન આપેલા છે. ત્યારે બ્રહ્મ વિકાસની માંગણી આ અગાઉ પણ પૂર્વ મુખ્યમંત્રી આંનદી બેન પટેલને કરવામાં આવી હતી. પરંતુ સરકાર તરફથી યોગ્ય પ્રતિસાદ ન મળતા ફરીવાર તાજેતરમાં રાજયના મહામહીમ રાજયપાલને આવેદન પત્ર પાઠવી બ્રહ્મ વિકાસ આયોગની રચના કરવા રજુઆત કરી છે.

ગુજરાત રાજયમાં બ્રહ્મ વિકાસ આયોગની રચના કરવા સરકાર સમક્ષ સમસ્ત બહ્મ સમાજ દ્વારા રજુઆત કરવામાં આવી છે. જયારે આંધ્રપ્રદેશ અને તેલંગાણા રાજયમાં આ પ્રકારનું આયોગ છે. આ આયોગને કરોડો રૂપીયાની જોગવાઈ કરવામાં આવી છે. ત્યારે યુપી અને પંજાબમાં પણ સ્થાનિક સરકાર આ પ્રકારના આયોગ બનાવવાની વાત વિચારણા હેઠળ છે. ત્યારે ગુજરાતમાં નીચેના મુદ્રાનો સમાવેશ બ્રહ્મ વિકાસ આયોગમાં કરવામાં આવ્યા છે. તેજસ્વી બ્રાહ્મણ વિદ્યાર્થીઓ માટે શાળા, કોલેજ, ઉચ્ચ શિક્ષણ માટે નજીવી ફીના ધોરણે અભ્યાસની વિવિધ યોજના,અનાથ બ્રાહ્મણ બાળકોના વિકાસ માટે યોજના, સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસ નું આયોજન, કર્મકાંડ કરતા બ્રાહ્મણો માટે સંસ્કૃત પાઠશાળા, મંદિરમાં પૂજા કરતા પૂજારી બ્રાહ્મણનો પગાર નિયત કરી નિયમિત મળે તેવી જોગવાઈ, આરોગ્યમાં સહાય, મહિલાઓ અને વિધવાઓ માટે વિશેષ આર્થિક સહાય તેમજ સ્વરોજગાર તાલિમની યોજના, સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે. ભારતદેશમાં દરેક જ્ઞાતિને બંધારણીય રીતે પુરતું મહત્વ આપવામાં આવેલ છે. તેવી જ રીતે બ્રાહ્મણ જ્ઞાતિને પણ પોતાનું મહત્વ, સંસ્કૃતિ, અને સામાજીક ન્યાયનું કાયદાકીય રક્ષણ મળે તે માટે બ્રહ્મ વિકાસ આયોગની માંગણી સરકારને આવેદન આપી રજુઆત કરવામાં આવી છે. આ પ્રસંગે શ્રી ગુજરાત બ્રહ્મ સમાજના પ્રમુખ શૈલેષ જોશી, મહામંત્રી યજ્ઞેશ દવે, મંત્રી અશ્વિન ત્રિવેદી સહિત મોટીસંખ્યામાં હોદેદારો અને સભ્યો હાજર રહ્યા હતા.

## લીઓ અને લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા ધાબળા વિતરણ



ગાંધીનગર શહેરમાં બાંધકામની પ્રવૃતિ સતત ચાલુ જ રહે છે. જેથી શહેરમાં શ્રમિક પરિવારોની સંખ્યા પણ વધુ પ્રમાણમાં જોવા મળે છે.આ ગરીબ પરિવારોને તો ઉપર આભ અને નીચે ધરતી હોય છે. બે ટંકનો રોટલો માંડ રળતા ગરીબ નાગરીકો ફુટપાથ પર જે મળ્યું તે ઓઢીને જીવન ગુજારતા હોય છે. ત્યારે લીઓ અને લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા આ દિશામાં વિચાર-વિમર્શ કરીને તાજેતરમાં જરૂરીયાતમંદ ગરીબો,મજુરવર્ગને ગરમ ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. જયારે શિયાળામાં પડી રહેલી કડકડતી ઠંડીમાં ગરીબ વર્ગને ધાબળારૂપી હુંફ પુરી પાડવાનું ભગીરથ કાર્ય લીઓ અને લાયોનેસ કલબ દ્વારા કરવામાં આવ્યું છે.જયારે ધાબળા મળતા શ્રમિક પરિવારોના ચહેરા પર હાસ્ય જોવા મળ્યું હતું. આ ઉમદા કાર્યમાં શહેરના લીઓ કલબના પ્રમુખ કથન ત્રિવેદી, સેક્રેટરી મોહિત જયસિંઘાની, લાયોનેસ પ્રમુખ દેવલબેન જોશી,સેક્રેટરી મિત્તલ રાણા સહિત લાયન પ્રેસીડન્ટ નિમેષ રાવલ, લાયોનેસ એરીયા કો ચેરપર્સન વૈશાલી જોશી, લીઓ કો ચેરપર્સન સંકેત ગોર તેમજ લીઓ અને લાયોનેસ કલબના પૂર્વ સભ્યો, હોદેદારો પણ જોડાયા હતા.

## ગેઝીયા દ્વારા ઈન્ટર સ્પોર્ટસ ટુર્નામેન્ટ યોજાઈ





ગાંધીનગર ઈલેકટ્રોનિકસ ઝોન એસોસીએશન (ગેઝીયા) દ્વારા ઈન્ટર સ્પોર્ટસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ રમતોનું આયોજન કરાયું હતું. આ ટુર્નામેન્ટનું આયોજન એસ્ટેટના યુનિટ માટે કરાયું હતું.

ગેઝીયા દ્વારા છેલ્લા ૩ વર્ષથી આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. જેમાં આ વર્ષે પણ ક્રિકેટ તથા વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દર વર્ષે આશરે ક્રિકેટમાં ૩૬ જેટલી અને વોલીબોલમાં ૮ થી ૧૦ ટીમો ભાગ લઈ રહી છે. આ વર્ષે આ ટુર્નામેન્ટની શરૂઆત તા. ૧૮ ડિસેમ્બરે ૮.૩૦ કલાકે કરવામાં આવી હતી અને તેમાં ખૂબ મોટી સંખ્યામાં એસ્ટેટના મેમ્બરોએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટના ઉદઘાટનમાં ગેઝીયાના પ્રમુખ એચ.એમ. પટેલ અને અન્ય કારોબારી મેમ્બરો હાજર રહ્યા હતા. આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ તા. ૧૩-૧-૨૦૧૭ના રોજ રાખવામાં આવી છે.

## ૨૭ ગામ કડવા પાટીદાર સમાજ કાંઠા વિસ્તારનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૯



શ્રી ૨૭ ગામ કડવા પાટીદાર સમાજ કાંઠા વિસ્તારનું ૨૪મું સ્નેહમિલન, તેજસ્વી તારલાઓને તેમજ નિવૃત વડીલોને સન્માનવાનો કાર્યક્રમ સેકટર-૨૩ સ્થિત કડી કેમ્પસમાં આવેલ ખિમજી વિસરામ હોલ ખાતે યોજાયો હતો. જેમાં ૭૦ થી વધુ વિદ્યાર્થીઓને ઈનામ તેમજ સર્ટીફિકેટ મહેમાનોના હસ્તે આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

શ્રી ૨૭ ગામ કડવા પાટીદાર સમાજ કાંઠા વિસ્તારનું ૨૪મું સ્નેહમિલન સમારોહ સેકટર-૨૩ કડી સંકુલ ખાતે આવેલ ખિમજી વિસરામ હોલ ખાતે યોજાયો હતો. આ કાંઠા વિસ્તાર એટલે કે વિજાપુર તાલુકાના સાબરમતી નદીના કિનારે આવેલ ગામનો સમાવેશ થાય છે. ગાંધીનગરમાં કાંઠા વિસ્તારના ૨૭ ગામ કડવા પાટીદાર સમાજના ૧૨૫ પરિવારો વર્ષોથી વસવાટ કરે છે અને દર વર્ષે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરે છે. કડી કેમ્પસમાં યોજાયેલા ૨૪માં સ્નેહમિલન કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ફુદેડાના બીએસ પટેલ હાજર રહ્યા હતા. તેમના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. ત્યારબાદ સમાજના ૩૫ થી વધુ બાળકોએ સુંદર રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજયો હતો. જેમાં ગીત સંગીતના સથવારે લોકગીતો, ગરબા, હાસ્યરસ, ફિલ્મી ગીતો સહિત નૃત્ય નાટીકા રજુ કર્યા હતા. આ પ્રસંગે હાજર મહેમાનોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. જયારે મહેમાનોના હસ્તે ધો-૧ થી ઉચ્ચ અભ્યાસક્રમ સુધીના ૭૦ થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ તેમજ સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયારે ૨ રીટાયર્ડ નિવૃત સભ્યોનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. સમાજના પ્રમુખ પ્રો.નરેન્દ્રભાઈ પટેલે આમંત્રિત મહેમાનોનો કાર્યક્રમમાં હાજર રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. જયારે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મંત્રી અમૃતભાઈ કે. પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.આ કાર્યક્રમમાં સમાજના ૪૦૦ થી વધુ ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

## કોબામાં પરણિતા પર ત્રાસ ગુજારતા ચાર સામે પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર પાસેના કોબાની પરણિતાએ સાસરીયાના ભારે ત્રાસથી કંટાળી પતિ સહિત ચાર સાસરીયાઓ વિરૂદ્ધ ઈન્ફોસીટી પોલીસમાં શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નરોડા-દહેગામ માર્ગ પર આવેલી હેસપુરા સોસાયટી ખાતે રહેતી ભૂમિકાબેનના લગ્ન વર્ષ ૨૦૦૯માં અમદાવાદના જશોદાનગર ખાતે રહેતા સંજય અમરતભાઈ પટેલ સાથે થતા લગ્નના ૧૫ દિવસ પછી જ પરણિતાના પતિ તેમજ સાસુ, સસરા અને નણંદ દ્વારા શારીરિક અને માનસીક ત્રાસ આપવામાં આવતો હતો. વારંવારના ત્રાસથી કંટાળી પત્ની ભૂમિકાબેન અને પતિ સંજય પટેલ અમદાવાદથી ગાંધીનગર નજીકના કોબા ખાતેના મહાવીર હિલ્સ ફલેટમાં મકાન નં. બી-૨૮૪માં રહેવા આવ્યા હતા. પરંતુ તેમ છતાં પણ પતિ અને સાસરીયા દ્વારા પરણિતાને ઘરમાં ગોંધી રાખી અવારનવાર મારઝુડ કરી શારીરિક અને માનસીક ત્રાસ ગુજારવામાં આવતો હતો. આથી કંટાળેલી પરણિતાએ પતિ સંજય અમરત પટેલ, સાસુ મીતા ઉર્ફે મણીબેન અમરતભાઈ પટેલ, સસરા અમરતભાઈ જોઈતાભાઈ પટેલ અને નણંદ અલ્પાબેન પરેશભાઈ શાહ વિરૂદ્ધ ઈન્ફોસીટી પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી હતી. જેના આધારે પોલીસે પતિ સહિતના ચારેય સાસરીયાઓ સામે કલમ ૪૯૮ દાખલ કરી શારીરિક અને માનસીક ત્રાસની ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે પીએસ.આઈ. એમ.આર. પટેલ તપાસ ચલાવી રહ્યા છે.

# સાઈ ખાતે ચાર રમતોના સર્ટિફિકેટ કોર્સનો પ્રારંભ

**ક્રિકેટ, હેન્ડબોલ, કબડ્ડી અને વોલીબોલ માટે છ સપ્તાહનો સર્ટિફિકેટ કોર્સ રહેવા જમવાની સગવડ સાથે નિષ્ણાંત પ્રશિક્ષકો સઘન તાલીમ આપશે**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સે-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વેસ્ટર્ન ટ્રેઈનીંગ સેન્ટર ખાતે આજથી છ સપ્તાહના સર્ટિફિકેટ કોર્સના પ્રારંભની જાહેરાત સાઈના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુએ કરી હતી. સાઈ ખાતે પ્રથમ વાર શિયાળાની ઋતુમાં ચાલુ કરાયેલ આ સર્ટિફિકેટ કોર્સ અત્યારે જે ચાર રમતો માટે લોન્ચ કરાયા છે જેમાં ક્રિકેટ, હેન્ડબોલ, કબડ્ડી અને વોલીબોલનો સમાવેશ થાય છે. આ તમામ કોર્સમાં ખેલાડીઓને રહેવા-જમવા સહિતની તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવશે. અત્યાર સુધી મે-જુનમાં જ કરવામાં આવતા આ કોર્સીસની લોકપ્રિયતા જોઈ આ વખતે શિયાળામાં પણ ચાલુ કરવામાં આવ્યા છે.






સાઈ ખાતે પ્રારંભ થયેલ સર્ટિફિકેટ કોર્સ તા. ૧૮મી ડિસેમ્બરથી તા. ૨૫મી જાન્યુઆરી ૨૦૧૭ સુધી ચાલશે. આ કોર્સમાં સાઈના નિષ્ણાત પ્રશિક્ષકો ખેલાડીઓને સઘન તાલીમ આપશે. સર્ટિફિકેટ કોર્સમાં કબડ્ડી માટે સુવિખ્યાત કોચ જયવીર શર્મા ઉપરાંત સંજીવ શર્મા, હેન્ડબોલની રમત માટે સુધાકરન, શશિમોહન ધુમાલ તથા એ.કે. દહિયા, ક્રિકેટ માટે એલ.એલ. મિશ્રા અને એન.કે. શર્મા જયારે વોલીબોલ માટે એલ. પલાની અને અમિતા કોચીંગની સેવાઓ આપશે. આ કોર્સમાં ખેલાડીઓને સવારે ૬.૩૦ થી ૮ અને સાંજે ૪.૩૦ થી ૬.૩૦ એમ બે સેશનમાં સ્પોર્ટસ પ્રેકટિકલ્સ તથા સવારે ૯.૩૦ થી ૧ વાગ્યા દરમિયાન થીયરીની તાલીમ અપાશે. હાલ આ કોર્સ માટે ક્રિકેટમાં ૮ ખેલાડીઓ, હેન્ડબોલમાં ૧૧ ખેલાડીઓ, કબડ્ડીમાં ૧૭ તથા વોલીબોલ માટે ૬ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ કોર્સના ઉદઘાટન સમારંભમાં રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુએ ખેલાડીઓનું સાઈમાં સ્વાગત કરતા મહેનત અને લગનથી તાલીમ મેળવવા પ્રેરિત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે તમામ પ્રશિક્ષકો ખૂબ જ નિષ્ણાંત છે જેના કારણે સાઈના ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પદાર્પણ કરી રહ્યા છે. સાઈ ગાંધીનગર કબડ્ડી માટે મક્કા ગણાય છે તેવું કહેતા તેમણે જણાવ્યું હતું કે આગામી પ્રો-કબડ્ડીમાં ગાંધીનગર સાઈના ૩૦ જેટલા ખેલાડીઓ રમતા હશે.

## કડી કેમ્પસ બ્રહ્માણી કૃપા હોલ ખાતે શૈક્ષણિક અધિવેશન યોજાયુ



ગુજરાત રાજય (રાજય અને રાષ્ટ્રીય) એવોર્ડ ટીચર્સ ફેડરેશન દ્વારા શૈક્ષણિક અધિવેશન તથા સન્માન સમારોહ સેકટર-૨૩ બ્રહ્માણી કૃપા હોલ કડી કેમ્પસ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે વર્ષ ૨૦૧૪-૧૫માં રાષ્ટ્રીય પારિતોષિક મેળવેલ શિક્ષકોનું તેમજ વર્ષ ૨૦૧૫-૧૬માં રાજય પારિતોષિક મેળવેલ શિક્ષક ભાઈ-બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં સમગ્ર રાજયભરમાંથી મોટી સંખ્યામાં શિક્ષક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. રૂખીબેન ગાંડાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. જડીબેન ભૂપતજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. મગરૂરામ શાંતુરામ કોળી, ઉ.વ. ૭૦